# ગૂજરાત વિદ્યાપીઠ,અમદાવાદ,

# સંચાલિત

# ગ્રામસેવા કેન્દ્ર – દેથલી,તા.માતર,જિ.ખેડા

## શતાબ્દી વર્ષ નિમિત્તે માસવાર કાર્યક્રમ

## ઓક્ટોબર-૨૦૧૯

### (૦૧) સૂર્ય શક્તિ કિસાન (સ્કાય ) યોજના માર્ગદર્શન શિબિર (બોર કૂવા) અને શાવી સોલાર ઘર માટે

તા.૧૦-૧૦-૨૦૧૯ ના રોજ ગ્રામસેવા કેન્દ્ર દેથલી ખાતે ગૂજરાત વિદ્યાપીઠ અમદાવાદ શતાબ્દી વર્ષ ઉજવણી નિમિત્તે સૌર ઉર્જા ઉત્પાદક સહકારી મંડળી લીમીટેડ દ્વારા ખેડૂતોને એકત્રિત કર્યા. આ કાર્યક્રમમાં આજુ બાજુના નાંદોલી,ખાંધલી,હેંરંજ,અલિન્દ્રા,વસઇ,માલાવાડા,બાંટવા,દેથલી ના ૮૬ ખેડૂતો હાજર રહ્યા હતા .




### (૦૨) ગૂજરાત વિદ્યાપીઠ સ્થાપના દિવસ તા.૧૮-૧૦-૨૦૧૯

ગૂજરાત વિદ્યાપીઠ સ્થાપના દિવસ નિમિત્તે ગ્રામસેવા કેન્દ્ર દેથલી દ્વારા છાત્રાલયના વિદ્યાર્થીઓએ સવારે ૫.૪૫ વાગે ગામમાં પ્રભાત ફેરી કરી હતી.





આજ રોજ સવારે ગ્રામસેવા કેન્દ્ર દેથલી પરિસરમાં ધ્વજ વંદન કાર્યક્રમનું આયોજન અનુદાનિત નિવાસી પ્રાથમિક શાળા (આશ્રમશાળા)ના મેદાનમાં કરવામાં આવ્યું હતું. વિદ્યાર્થીઓને વિદ્યાપીઠના ધ્યેયોનો સંકલ્પ લેવડાવ્યો હતો.



## (૦૩) ગૂજરાત વિદ્યાપીઠ શતાબ્દી વર્ષ નિમિત્તે વૃક્ષા રોપણ કાર્યક્રમ



તા.૧૮-૧૦-૨૦૧૯ના રોજ વૃક્ષા રોપણ અને શતાબ્દી વૃક્ષની રોપણી ગ્રામસેવા કેન્દ્ર દેથલી પરિસરમાં  કરવામાં આવી હતી. આજ રોજ ૭૦ જેટલા વૃક્ષો અને છોડ રોપવામાં આવ્યા. વિદ્યાપીઠ સ્થાપના દિન નિમિત્તે આજ રોજ રાત્રે સમૂહ પ્રાર્થનામા પરિસરના તમામ વિદ્યાર્થીઓ સેવક મિત્રો વિદ્યાપીઠની સ્થાપના અને તેના ધ્યેયોથી બધા વાકેફ થયા .

# નવેમ્બર-૨૦૧૯

## (૦૧) નશાબંધી કાર્યક્રમ તા.૧૮-૧૧-૨૦૧૯ થી તા.૨૧-૧૧/૨૦૧૯

ગૂજરાત વિદ્યાપીઠ શતાબ્દી વર્ષ નિમિત્તે ગ્રામસેવા કેન્દ્ર દેથલી દ્વારા નાંદોલી,દેથલી,ડભોઉ,વસઇ અને માલાવાડા ગામમાં નશાબંધીને લક્ષમાં રાખી લોકોમાં જાગૃતિ આવે તે કાર્યક્રમ કર્યો. ડભોઉ ગામની હાઈસ્કૂલમાં તેમની માંગણીને આધીન વ્યસન મુક્તિ સંદર્ભે ફિલ્મ બતાવી.



## (૦૨) ટી.બી. જાગૃતિ અભિયાન તા.૨૯-૧૧-૨૦૧૯



સિવિલ હૉસ્પિટલ નડિયાદ જિલ્લા ક્ષય નિવારણ - કેન્દ્ર નડિયાદ તેમજ જય માં બ્રહ્માણી સંગીત કલા સંસ્થાના સંયુક્ત ઉપક્રમે અમારી શાળામાં તા.29/11/2019ને શુક્રવારના રોજ એક ટી.બી જાગૃતિ અંગેનું નાટક રજૂ કરવામાં આવ્યું કલા સંસ્થા દ્વારા નાટકમાં વિવિધ પાત્રો દ્વારા ટી.બી રોગના લક્ષણો તે કેવી રીતે ફેલાય છે , અત્યંત ચેપી રોગ છે. તે રોગની સરકારશ્રી દ્વારા સારવાર માટેની જોગવાઈઓ અંગે સુંદર કૃતિ રજૂ કરવામાં આવી હતી. સરકારશ્રી દ્વારા DOT સીધા નિરીક્ષણ હેઠળ સારવાર Direct Observation Treatment દ્વારા દવાઓ વિનામૂલ્યે દર્દી સુધી પૂરી પાડવામાં આવે છે. દર્દીને પોષણક્ષમ આહાર માટે દર મહિને 500 રૂ સરકારશ્રી દ્વારા સહાય આપવામાં આવે છે. કુલ છ મહિનાની સારવારના અંતે રોગ નાબૂદ થાય છે.આમ, સંગીત કલા સંસ્થા દ્વારા ટી,બી રોગ અંગેની જાગૃતિ માટે સુંદર નાટક રજૂ કઆવામાં આવ્યું . વિદ્યાર્થીઓએ તે અંગેની સમજ કેળવી અંતમાં આભાર દર્શન શ્રી જતિનભાઈ પરમાર દ્વારા કરવામાં આવ્યુ.

# ડિસેમ્બર-૨૦૧૯

## (૦૧) સ્વચ્છ ભારત જાગૃતતા અભિયાન તા.૧૨-૧૨-૨૦૧૯



શતાબ્દી વર્ષ નિમિત્તે કૃષિ વિજ્ઞાન કેન્દ્ર દેથલી દ્વારા વિદ્યામંદિર દેથલીના વિદ્યાર્થીઓને સ્વચ્છ ભારત જાગૃતતા અભિયાન અંતર્ગત પ્લાસ્ટિક મુક્ત ભારત બને તે માટે માહિતી આપવામાં આવી હતી. પ્લાસ્ટિકથી થતાં નુકશાનની ચર્ચા કરવામાં આવી અને પ્લાસ્ટિકના વપરાશથી પર્યાવરણ પર થયેલી અસર વિશે વાત કરવામાં આવી અને વિદ્યાર્થીઓને પ્લાસ્ટિકનો વપરાશ ન કરવા માટે અપીલ કરવામાં આવી અને પ્લાસ્ટિક મુક્ત ભારત બને તે માટે લોકોને વધુ જાગૃત કરવા વગેરે વાતો કહેવામા આવી અને જ્યાં-ત્યાં પેડેલા પ્લાસ્ટિકને યોગ્ય જગ્યાએ નાખવા માટે સૂચન કરવામાં આવ્યું અને બને તેટલો પ્લાસ્ટિકનો ઉપયોગ ન કરવા પહેલ કરવામાં આવી .

## (૨) શતાબ્દી વર્ષ વાંચન કુટીર નિર્માણ



ગૂજરાત વિદ્યાપીઠ સર્વોદય કાર્યકર શ્રી અબ્દુલ ચાચા દ્વારા અવાર – નવાર સંસ્થા ખાતે વિદ્યાર્થીઓને ઉપયોગી પ્રોજેકટ હાથ ધરવામાં આવતા હોય છે. ગયા વખતે નિર્ધૂમ ચૂલા બનવાવવા આવ્યા હતા. તે જ પ્રમાણે ચાલુ વર્ષે પણ અબ્દુલ ચાચા દ્વારા તપોવન છાત્રાલયના વિદ્યાર્થીઓ માટે છાત્રાલયની પાસે વિદ્યાર્થીઓ વાંચી શકે તે માટે <u>ગૂજરાત વિદ્યાપીઠ શતાબ્દી વર્ષ</u> નિમિત્તે એક વાંચન કુટીર બનાવવાનું આયોજન કરવામાં આવ્યું છે. જેમાં છાત્રાલયના વિદ્યાર્થીઓએ પણ શ્રમકાર્ય કરી વાંચન કુટીરના નિર્માણમાં ફાળો આપ્યો છે. જેનું કામ પૂર જોશમાં ચાલુ છે.

## (૩) પેટ્રોલ બચાવો અભિયાન તા.૩૦-૧૨-૨૦૧૯




તા.30/12/2019ના રોજ ભારત સરકારના પ્રતિનિધિ દ્વારા પેટ્રોલિયમ સંરક્ષણ સંઘ યૂથ પ્રોગ્રામ અંતર્ગત વિદ્યાલયના ધો- 10ના વિદ્યાર્થીઓને પેટ્રોલ બચત અંગે એક ફિલ્મ બતાવવામાં આવી હતી જેમાં વાહન વપરાશ દરમ્યાન પેટ્રોલ કઈ રીતે ઓછું વાપરી શકાય અથવા ઓછું વપરાય તે માટે કેટલીક નાની નાની બાબતો ધ્યાનમાં રાખવી અને પેટ્રોલની બચત કેવી રીતે કરી શકાય તે અંગે સમજ આપવામાં આવી હતી. આવેલ સાહેબશ્રીએ વિદ્યાર્થીઓને નાસ્તો આપી પેટ્રોલ બચત કરવા અપીલ કરી હતી. આ કાર્યક્રમ અનુદાનિત નિવાસી શાળાના પ્રાર્થના હોલમાં કરવામાં આવ્યો હતો.

# જાન્યુઆરી-૨૦૨૦

## (૦૧) સૌર ઉર્જા માહિતી તા. ૨૧-૦૧-૨૦૨૦

આજ રોજ ગૂજરાત વિદ્યાપીઠ શતાબ્દી વર્ષ નિમિત્તે હાથ ધરયેલ કાર્યના ભાગ રૂપે ગ્રામસેવા કેન્દ્ર દેથલીની આસ-પાસના ખેડૂતોને સૌર ઉર્જા આધારિત ખેતી અને ઘર વપરાશ માટે સરકારની વિવિધ સૌર ઉર્જાની યોજનાનો લાભ મળે તે માટે વિશ્વનું પ્રથમ સૌર ઉર્જા સંચાલિત ગામ ઢૂંઢીની મુલાકાત માટેનું આયોજન આકારવામાં આવ્યું હતું. અને તે દ્વારા ખેડૂતોને પ્રોત્સાહન મળે તેવી માહિતી આપવામાં આવી હતી.



# ફેબ્રુઆરી-૨૦૨૦

**(૦૧) પૂજ્ય કસ્તુરબાની પૂણ્યતિથિ તા:૨૨-૦૨-૨૦૨૦**

ગૂજરાત વિદ્યાપીઠના શતાબ્દી વર્ષ નિમિત્તે પૂજ્ય કસ્તુરબાની પૂણ્યતિથિ પ્રસંગે શ્રી પ્રવીણભાઈ પટેલે વિદ્યાર્થીઓને તેમના કાર્યો વિશે વાત કરી હતી. કસ્તુરબા એક સાધારણ મહિલામાંથી અસાધારણ મહિલા બન્યા . તેમને બાપુને જેલમાં જવાનું હોય કે સત્યાગ્રહ પર બેસવાનું હોય ક્યાય પાછી પાની કરી ન હતી તેમને બાપુને તેમના દરેક કાર્યોમાં ખૂબ સહયોગ આપ્યો હતો. તેમણે એક સ્વાતંત્ર્ય સેનાની તરીકે પણ કામગીરી કરી તેમણે મહિલા જાગૃતિ માટે પણ કામ કર્યા તથા તેમણે રસોઈ ,અન્નનો બગાડ ન થાય તે માટે ઘરમાં અને સત્યાગ્રહ હોય કે જેલ દરેક જગ્યાએ તેમાં ખૂબ કાળજી રાખતા. આમ, તેમના આવા ઉમદા કાર્યો વિશે વાત કરી હતી. આ દિવસ નિમિત્તે પરિવારના સૌ એ સ્વયંપાકી સમૂહ ભોજન કર્યું.

**(૦૨) રવિશંકર મહારાજ જન્મ જયંતી તા: ૨૫-૨-૨૦૨૦**

ગૂજરાત વિદ્યાપીઠના શતાબ્દી વર્ષ નિમિત્તે પૂજ્ય શ્રી રવિશંકર મહારાજની જન્મ તિથિ નિમિત્તે વિદ્યાર્થીઓને તેમના જીવન અને તેમના કાર્યો વિશે વાત કરવામાં આવી . તેમને ગાંધી બાપુએ "મૂક સેવક" ઉપનામ આપેલું. રવિશંકર મહારાજ મૂળ ખેડા જિલ્લાના રઢું ગામના વતની. તેમણે બાપુએ સોપેલું કાર્ય " સમૂહ જીવનના આચાર" પુસ્તકનું સમગ્ર ખેડા જીલ્લામાં ઘેર-ઘેર જઈને વિતરણ કરેલું. "**કટાઈ જવા કરતાં ઘસાઈ જવું સારું**"



રવિશંકર મહારાજના હસ્તે ગ્રામસેવા કેન્દ્ર -દેથલી ગાંધીઘરનું ખાતમુહર્ત કરવામાં આવ્યું હતું.

# માર્ચ થી જુન-૨૦૨૦

**(૦૧) આંતર રાષ્ટ્રીય મહિલા દિવસ તા.૦૮-૦૩-૨૦૨૦**

તા.૦૮-૦૩-૨૦૨૦ને **રવિવારે આંતર રાષ્ટ્રીય મહિલા દિન ગ્રામસેવા કેન્દ્ર દેથલી** –બામણગામ –ભલાડા ગૂજરાત **વિદ્યાપીઠ શતાબ્દી વર્ષ ૨૦૧૯-૨૦ અંતર્ગત પરીએજ ઇકો ટુરિઝમ સ્થળે કાર્યક્રમ રાખવામા આવ્યો. જેમાં ડૉ. જતિન્દર કૉર, બાળ મહિલા અધિકારી શ્રી ,અખંડ જ્યોત ફાઉન્ડેશનમાંથી જિજ્ઞાબેન , નાબાર્ડમાંથી શ્રી અમિતભાઈ ભટ્ટ, રૂડસેટ સંસ્થામાંથી શ્રી ગૉરધનભાઈ હાજર રહ્યા હતા. હાજર રહેલા સૌ મહેમાનોનું આત્મકથા અને ખાદીના રૂમાલથી સન્માન કર્યું હતું. સૌ એ મહિલાઓને સંબોધીને વક્તવ્ય આપ્યું હતું. જેમાં સમાજમાં મહિલાનો દરજ્જો** , ગરિમા **જળવાય , અંધશ્રધ્ધાઓથી દૂર** રહેવું , **કોઇની લાલચમાં આવવું નહીં વગેરે મુદાઓની વાત કરી હતી.** આ **કાર્યક્રમમાં ગૂજરાત વિદ્યાપીઠ શતાબ્દી વર્ષ સાથે સંકળાયેલ દેથલી** – ભલાડા – બામણગામની આસપાસના ગામોમાંથી ૧૨૬

**મહિલા અને ૩૦ પુરુષો મળી કુલ ૧૫૬ વ્યક્તિઓ હાજર રહ્યા હતા. પ્રથમ બેઠક પછી સૌએ સમૂહ ભોજન કર્યું હતું. ત્યારબાદ બીજી બેઠકમાં ગીત સ્પર્ધા ,રંગોળી સ્પર્ધા ,સંગીત-ખુરશી સ્પર્ધા અને ચિત્ર સ્પર્ધાનું આયોજન કર્યું હતું. જેમાં વિજેતા બનેલા બહેનોની ડૉ. જતિન્દર કૌરે પ્રશંસા કરી હતી. સમગ્ર કાર્યક્રમનું સંચાલન શ્રી મેહુલભાઈએ કર્યું હતું. અંતમાં ગ્રામસેવા કેન્દ્ર દેથલી શ્રી પ્રવીણભાઈએ કાર્યક્રમનું સમાપન કર્યું હતું.**





**(૨) અનાજ કીટ વિતરણ કાર્યક્રમ :**




તા.૦૧-૦૪-૨૦૨૦ના રોજ વૈશ્વિક મહામારી કોરોનાને લીધે લોકોના ધંધા–રોજગાર બંધા થતાં આવક બંધ થતાં લોકોને પૂરતું અનાજ કરિયાણું એક મહિના જેટલુ ચાલે એવી કીટ તૈયાર કરીને નાના માણસોને જમવાનું મળી રહે તે હેતુ સર ગ્રામસેવા કેન્દ્ર દેથલી દ્વારા અનાજની કિટનું વિતરણ કરવામાં આવ્યું હતું.

## જુલાઇ-૨૦૨૦

# *NILL*

# ઓગષ્ટ-૨૦૨૦

## (૦૧) વેબિનાર – ક્યા ખાદી આજ ભી પ્રસ્તુત હૈ?

તા.૦૯/૦૮/૨૦૨૦ના રોજ ગૂજરાત વિદ્યાપીઠ સંચાલિત ગૃહવિજ્ઞાન વિભાગ સાદરા દ્વારા ગૂજરાત વિદ્યાપીઠ શતાબ્દી તથા બા-બાપુ ૧૫૦ ઉજવણી ઉપક્રમે એક વિશેષ વેબિનારનું આયોજન કરવામાં આવ્યું હતું. ક્યા ખાદી આજ ભી પ્રસ્તુત હૈ? વિષય પર વક્તવ્યો રજૂ કરવામાં આવ્યા. આ પ્રસંગે કુલનાયકશ્રી અનામિક શાહ દ્વારા અધ્યક્ષપદ શોભાવવામાં આવ્યું હતું. શ્રી સતીશ પોલુદાસ કોરા ડિવાઇન કોલોબરેટીવ-હૈદરબાદ, અહ્રી અનંત સયનન તુલા, ચેન્નાઇ, શ્રી કિશોર શાહ, ખાદી લંડન (યુ.કે) પોતાનાં અક્તવ્યો રજૂ કર્યા હતા. જેમાં પ્રવીણભાઇ પટેલ્ તથા સેવકમિત્રો જોડાયા હતા.



## (૦૨) સફાઇ કાર્યક્રમ




તા.૧૮/૦૮/૨૦૨૦ **ના રોજ** ગૂજરાત વિદ્યાપીઠ શતાબ્દી વર્ષ તથા બા-બાપુ ૧૫૦ નિમિત્તે ગ્રામસેવા **કેન્દ્ર દેથલી દ્વારા સંસ્થા પરિસરમાં સફાઇ,** વધારાનાં ઘાસ કાપણી, **તથા વિવિધ મકાનોની સફાઇનો કાર્યક્રમ** યોજવામાં આવ્યો હતો. પ્રવીણભાઇ પટેલના માર્ગદર્શનમાં સૌ સેવકો આ કાર્યક્રમમાં જોડાયા હતા.

## (03) સાબુ બનાવવાની તાલીમ

તા.૨૦-૨૧/૦૮/૨૦૨૦**ના રોજ** ગૂજરાત વિદ્યાપીઠ શતાબ્દી વર્ષ તથા બા-બાપુ-૧૫૦ નિમિત્તે ગૂજરાત વિદ્યાપીઠ અમદાવાદ-**યુસીક વિભાગ દ્વારા સાબુ બનાવવાની તાલીમ યોજવામાં આવી હતી.** યુસીક વિભાગમાંથી શ્રી ધર્મેન્દ્રભાઇ કડીયા તથા શ્રી જીતુભાઇ મેવાડા તથા શ્રી અશોકભાઇ મક્વાણા ઓનલાઇન ઉપસ્થિત રહ્યા હતા. કુદરતી **સાબુની બનાવટમાં** કુદરતી તત્વોનો ઉપયોગ તથા શરીરને નુકશાન ન થાય તે રીતે સાવુ કેવી રીતે બને તેની તાલીમ આપવામાં આવી હતી. સાબુ ઘરે બનાવી આત્મનિર્ભર બની શકાય તેવી પણ વાત કરવામાં આવી હતી. **આ તાલીમમાં શ્રી દિનેશભાઇ મકવાણા જોડાયા હતા.**





## (૦૪) માતર તાલુકા-રેન્જ નો ૭૧મો વનમહોત્સવ

તા.૨૪/૦૮/૨૦૨૦ના રોજ માતર તાલુકા કક્ષાનો ૭૧મો વનમહોત્સવ – માતર રેન્જ ફોરેસ્ટ તથા ગ્રામસેવા કેન્દ્ર દેથલીનાં સંયુક્ત ઉપક્રમે યોજાઇ ગયો. આ પ્રસંગે રેન્જ ફોરેસ્ટ ઓફિસર – માતર તથા સંચાલકશ્રી પ્રવીણભાઇ પટેલ તથા સંસ્થા સેવક મિત્રો ઉપસ્થિત રહ્યા હતા. અને લીમડા, ગુલમહોર, સીતાફળી જેવા વૃક્ષો રોપવામાં આવ્યા હતા.




# સપ્ટેમ્બર-૨૦૨૦

## (૦૧) ગૂજરાત વિદ્યાપીઠ આધારિત વેસ્ટમાંથી બેસ્ટ બનાવવાની તાલીમ

## તા.૩-૯-૨૦૨૦ થી ૪-૯-૨૦૨૦ સુધી

તા. ૩-૯-૨૦૨૦ ના દિને સંયુક્તા બેન દ્વારા બાસ્કેટ (ટોપલી) બનાવવાની તાલીમ આપી જેમાં ફેવિકોલ ,છાપા ,લાકડી જેવી સાધન સામગ્રી લઈ ટોપલી કેવી રીતે બનાવાય તે શીખવાડવામાં આવી હતી. જે અમે ૨૫ જેટલા સેવકોએ ઓનલાઇન તાલીમમાં જોડાયા હતા. જે ખૂબ જ સુંદર રીતે શીખવાડી હતી.

તા. ૪-૯-૨૦૨૦ બીજા દિવસે પ્લાસ્ટિકના ગ્લાસ પ્લાસ્ટિકના બોટલને કઈ રીતે શણગારવી તેમજ ફૂલદાની કઈ રીતે તૈયાર થાય તે શીખવાડવામાં આવી. જેમાં ગ્રામસેવા કેન્દ્ર દેથલી શ્રીવિલાસબેન અને ધર્મિષ્ઠાબેન એમ બે સેવકોએ ભાગ લીધો . જે ૧૦ વર્ષના નાના બાળકો ને શીખવી શકાય તેવી સુંદર પ્રવૃત્તિ બન્ને શીખવાડી અને અમે પણ શીખ્યા હતા.



## (૦૨) સંજીવની આરોગ્ય કેમ્પ તા.૦૭-૦૯-૨૦૨૦

**દેથલી ગ્રામસેવા કેન્દ્ર દેથલી ખાતે સંજીવની આરોગ્ય કેમ્પ યોજવામાં આવેલ જેમાં ૪૬ દર્દીઓએ લાભ લીધો.**





## (૦૩ ) ગૂજરાત વિદ્યાપીઠ અમદાવાદ ૧૫૦ બા-બાપુ ઉજવણી અંતર્ગત આત્મનિર્ભર અને સ્વાવલંબન અન્ન સુરક્ષા

**આત્મનિર્ભર અને સ્વાવલંબન અન્ન સુરક્ષાને ધ્યાને લઈ ગામડાના લોકો અને ખેડૂત અનાજ અને કઠોળનું વાવેતર વધારે કરતાં થાય અને વિદ્યાર્થી પોતાના વિસ્તાર અથવા ગામડામાં જઈ લોકોને અને ખેડૂતોને અનાજ અને કઠોળનો સંગ્રહ કરવા અને તેની સંવેદના જાગ્રત થાય તેની જરૂરિયાત સમજવા ઓનલાઈન વેબિનાર યોજવામાં આવ્યો હતો. તેમાં ગ્રામસેવા કેન્દ્ર દેથલી અને ગૂજરાત વિદ્યાપીઠના સૌ સેવકો જોડાયા હતા.**

## (૦૪) સેવકમિત્રોની મીટીંગ કાર્યક્રમ તા.૨૪-૦૯-૨૦૨૦

**આજ રોજ ગાંધી ઘરખાતે સૌ સેવકો ની એક બેઠક યોજી હતી. જેમાં પરિસરમાં સફાઈ માટે આયોજન અને ચર્ચા કરવામાં આવી હતી.**



**(૦૫) શ્રમ અને સફાઈ શિબિર તા.૨૫-૦૯-૨૦૨૦ થી ૩૦-૦૯-૨૦૨૦**

**ગૂજરાત વિદ્યાપીઠ સર્વોદય કાર્યકર શ્રી અબ્દુલ ચાચાના માર્ગદર્શન હેઠળ ગ્રામસેવા કેન્દ્ર દેથલી પરિસરમાં સૌ સેવકો અબ્દુલ ચાચા સાથે મળી તા.૨૫-૯-૨૦૨૦ થી ૩૦-૯-૨૦૨૦ સુધી પરિસરના જુદા જુદા વિભાગોની સઘન સફાઈ અને શારીરિક શ્રમ થકી ગોડાઉનની સફાઈ કરવાની કામગીરી કરવામાં આવી . જેમાં સૌ સેવકો દરરોજ બે કલાકનો સમય ફાળવી જોડાયા હતા .**





## ઓક્ટોબર-૨૦૨૦

**(૦૧) ગૂ.વિ.સ્થાપના દિવસની ઉજવણી તા.૧૮-૧૦-૨૦૨૦**

**ગૂજરાત વિદ્યાપીઠ, અમદાવાદ ૧૦૧મો સ્થાપના દિવસ આજ રોજ ગૂજરાત વિદ્યાપીઠ અમદાવાદનો ૧૦૧મો સ્થાપના દિવસ ગૂજરાત વિદ્યાપીઠ અને તમામ ગ્રામસેવા કેન્દ્રોમાં કોવિડ -૧૯ના નિયમોનું પાલન કરી ઉજવાવમાં આવ્યો.**





(૦૨) સેવકો દ્વારા વિદ્યાર્થીની મુલાકાત તા.૨૮-૧૦-૨૦૨૦

અનુદાનિત નિવાસી પ્રા.શાળાના બે સેવકોએ મિતલી, કસબારા ગામોની મુલાકાત લઈ વિદ્યાર્થીઓને ઓનલાઈન શિક્ષણના ભાગ રૂપે  માઇક્રોસોફ્ટ ટીમ એપ્લીકેશનની રૂબરૂ  મળી સમજ આપી.



